### હવે ચૂંટણીના પરિણામો પછી જ જાણવા મળશે કે કેટલાને સત્તા પાછી મળશે

# દાહોદ પાલિકાના શાસનની ધૂરા છોડતા પહેલા ચહેરા પર સ્મિત સાથે કાઉન્સિલરોનું ગુડબાય

કેમેરાની સામે ભલે તેમને સ્મિત લહેરાવવુ પડે, પણ એની પાછળનો વસવસો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સત્તા ક્ષણભંગુર હોય છે એવું બધાય જાણતા હોવા છતાંય એકવાર શાસન ભોગવ્યા પછી એની ધૂરા છોડવાનો વારો આવે ત્યારે ભલભલાને આંચકો લાગે છે. આવો જ આંચકો આજે દાહોદ નગરપાલિકામાં અનેક લોકોને લાગ્યો હતો. વાત એવી હતી કે, દાહોદ નગરપાલિકાના કાઉન્સિલરો ની પાંચ વર્ષની ટર્મ આજે પૂરી થઈ હતી એટલે એમને મન પર પથ્થર મૂકીને સત્તાને ગુડ બાય કહેવું પડ્યું હતું. સામાન્ય રીતે એકનું એક કાર્ય ૬૬ દિવસ સુધી લગાતાર કરીએ તો એની ટેવ પડી જાય છે. અહીં તો પાંચ પાંચ વર્ષ સુધી એટલે કે સળંગ ૧૮૨૫ દિવસ સુધી અમાપ સત્તા ભોગવી હોય તો એની આદત પડી જાય એ સ્વાભાવિક છે.

પણ જ્યારે એ પારાવાર સત્તાને છોડવાનો વારો આવે ત્યારે શું પરિસ્થિતિ થતી હશે? આજે સત્તા છોડતી વખતે પદાધિકારીઓ અને કાઉન્સિલરોના ચહેરા પર અફસોસ સાફ જોવા મળતો હતો. કેમેરાની સામે ભલે તેમને સ્મિત લહેરાવવુ પડે, પણ એની પાછળનો વસવસો સમજી શકાતો હતો. હકીકત એ છે કે આજથી એમના નામની આગળ પૂર્વ કાઉન્સિલર લખાવવાનું શરૂ થઈ ગયું છે. એમની સ્થિતિ એવી છે કે નગરપાલિકાની આગામી ચૂંટણીમાં એમને ટિકિટ મળશે કે કેમ? તેનું ઠેકાણું નથી.

ટિકિટ મળ્યા પછી પણ તેઓ જીતશે કે કેમ? તેનું કશું નક્કી નથી. એટલે ચૂંટણીના પરિણામો પછી જ જાણવા મળશે કે તેમના માંથી કેટલાને સત્તા પાછી મળશે, અને કેટલા રાજકારણમાંથી ખોવાઈ જશે. મોટાભાગના કાઉન્સિલરોને આશા છે કે, ગઈ વખતની જેમ આ વખતે પણ તેમને ફરી એકવાર સત્તા મળશે.

### ગુજરાતમાંથી વિશ્વનું નકશાંકન

# નવરચના યુનિવર્સિટીમાં "પારેખ લેક્ચર સિરીઝ"નો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

નવરચના યુનિ. દ્વારા Heritage Trustના સહયોગથી "ગુજરાતમાંથી વિશ્વનું નકશાંકન (Mapping the World from Gujarat)" વિષય પર ચિત્રાત્મક વ્યાખ્યાન યોજાયું હતું. આ વ્યાખ્યાન Parekh Lecture Seriesનું પ્રથમ વ્યાખ્યાન હતું, જ્યારે હેરિટેજ ટ્રસ્ટે તેને "વીરાસત લેક્ચર" તરીકે રજૂ કર્યું હતું. નવરચના એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ તેજલ અમિને જણાવ્યું કે આવા વ્યાખ્યાનો ઈતિહાસ, કલા, અર્બન સ્ટડીઝ અને ભૂગોળ જેવી વિવિધ શાખાઓને એક મંચ પર લાવે છે. કાર્યક્રમના મુખ્ય અતિથિ Bhikhu Parekh હતા, જેમના સન્માનમાં આ લેક્ચર સિરીઝ શરૂ કરવામાં આવી છે. તેમણે પોતાની વ્યક્તિગત પુસ્તકોની સંપત્તિ પણ યુનિવર્સિટીના પુસ્તકાલયને દાનમાં આપી છે. વ્યાખ્યાનમાં ઈતિહાસકાર Dr. Sameera



Sheikhએ ભારતની નકશાંકન પરંપરાને ઐતિહાસિક દૃષ્ટિએ સમજાવી.

તેમણે જણાવ્યું કે ગુજરાતના વેપારીઓ અને નાવિકો અફઘાનિસ્તાન, પૂર્વ આફ્રિકા અને દક્ષિણ એશિયા સુધી સક્રિય હતા. ભારતીય નકશાઓમાં શહેરો, મંદિરો, વૃક્ષો અને જળાશયો જેવી વર્ણનાત્મક વિગતો જોવા મળે છે, જે તેને માત્ર વૈજ્ઞાનિક નહીં પરંતુ સાંસ્કૃતિક દસ્તાવેજ બનાવે છે. આ વ્યાખ્યાન દ્વારા શ્રોતાઓને ગુજરાતના સમુદ્રી અને બૌદ્ધિક વારસાની નવી સમજ મળી.

### ભાજપના 27 અને કોંગ્રેસના 7 સભ્યોની સફરનો અંત

# વડોદરા જિલ્લા પંચાયતની ચૂંટાયેલી બોડીની ટર્મ પુરી: સભાગૃહમાં ગુંજ્યા પાંચ વર્ષના સંભારણા

વિકાસ માટે લડનારા સભ્યો આજે એકબીજાના ગળે મળી થયા છૂટા

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા જિલ્લા પંચાયતમાં આજે એક યાદગાર અને લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા. વર્ષ 2021માં ચૂંટાયેલી બોડીની 5 વર્ષની મુદત આવતીકાલે પૂર્ણ થઈ રહી છે, જે નિમિત્તે યોજાયેલા ખાસ વિદાય સમારંભમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષના સભ્યોએ રાજકીય આક્ષેપો બાજુ પર મૂકીને એકબીજા પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. લોકશાહીના આ મંદિરમાં પાંચ વર્ષ સુધી ચાલેલી વિકાસની ચર્ચાઓ અને



ગરમાગરમી બાદ આજે સભાગૃહમાં સંવાદિતાનો પવન ફૂંકાયો હતો. વર્ષ 2021ની ચૂંટણીમાં ભાજપના 27 અને કોંગ્રેસના 7 સભ્યો ચૂંટાઈને આવ્યા હતા. આ પાંચ વર્ષ દરમિયાન જિલ્લાના વિકાસ માટે લેવાયેલા નિર્ણયોમાં અનેકવાર સભાગૃહમાં ટકરાવ જોવા મળ્યો હતો. જોકે, આજે છેલ્લા દિવસે સભ્યોએ સ્વીકાર્યું હતું કે સભાગૃહમાં થતી બોલાચાલી માત્ર પ્રજાના પ્રશ્નો માટે હતી, કોઈ વ્યક્તિગત મનદુઃખ નહોતું. સભ્યોએ ભીની આંખે એકબીજાની ક્ષમા માંગી વિદાય લીધી હતી. આ પાંચ વર્ષની ટર્મમાં પ્રથમ અઢી વર્ષ અશોક પટેલે અને ત્યારબાદ ગાયત્રીબેન મહિડાએ પ્રમુખ તરીકે સુકાન સંભાળ્યું હતું. પ્રમુખે જણાવ્યું હતું કે, અમે પક્ષથી ઉપર ઉઠીને જિલ્લાના છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવા પ્રયાસ કર્યો છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી મમતા હિરપરાએ પણ ચૂંટાયેલા સભ્યોના કાર્યકાળની પ્રશંસા કરી વહીવટી તંત્ર તરફથી મળેલા સહયોગની વિગતો આપી હતી. વિરોધ પક્ષના નેતા મુબારક પટેલે આ પ્રસંગે એક પ્રેરણાદાયી સૂચન કર્યું હતું.

### દેડિયાપાડા SDMને લેખિતમાં અસરગ્રસ્ત ગ્રામજનોએ લેખિતમાં આવેદનપત્ર

# દેડીયાપાડામાં રસ્તા અવરોધ મામલે ગ્રામજનોનું અલ્ટીમેટમ: રસ્તો નહીં ખુલે તો ઉપવાસ-ધરણા

(પ્રતિનિધિ) દેડિયાપાડા, તા.16

દેડીયાપાડાના ગ્રામજનોએ SDMને આવેદનપત્ર પાઠવીને માંગ કરી છે કે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે, નહીંતર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.જાહેર હિતમાં જૂના રસ્તાના સમારકામ અને નવા રસ્તાના નિર્માણમાં ઉભી કરવામાં આવી રહેલી અડચણો સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. દેડિયાપાડા SDMને લેખિતમાં અસરગ્રસ્ત ગ્રામજનોએ લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યું હતું કે, દેડીયાપાડા ગામનો આંતરિક રસ્તો ત્રિમુતી-ભરવાડચાલી મોડલ રોડને જોડે છે, જે અંગ્રેજો સમયથી સ્ટેશન રોડથી ભરવાડચાલી અને થાણા ફળિયા થઈને મોજદા રોડ સુધી જવા માટેનો મુખ્ય રસ્તો છે. આ રસ્તો ઘણા



વર્ષોથી પાકો હતો, પરંતુ તે તૂટી જતાં નવો રસ્તો મંજૂર કરવામાં આવ્યો છે. જો કે, ગામના વસાવા વિશાલભાઇ રમેશભાઇ અને વસાવા ભાવિન ઉર્ફે ભોલો શંકરભાઇ દ્વારા રસ્તાના નિર્માણમાં અવરોધ ઊભો કર્યો છે. વધુંમાં જણાવ્યું કે આ બંને વ્યક્તિઓએ રસ્તા પર દુકાનો બનાવી દીધી છે અને રસ્તો બંધ કરી દીધો છે. તેઓ જાહેર જમીન પર કબજો કરીને સરકારી નિયમોનો ભંગ કરી રહ્યા છે. આ બાબતે છેલ્લા 20-25 વર્ષથી રસ્તાના કામને રોકવામાં આવી રહ્યું છે. આવેદનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આરોપીઓએ સ્પષ્ટ કહ્યું છે કે તેઓ પોતાની તાકાતથી રસ્તો બનવા દેશે નહીં. આ રસ્તા ઉપરાંત ગ્રામજનો રોજ બરોજના વ્યવહાર, માલસામાનના વહન, પાણી ભરવા અને ફરવા માટે અન્ય કોઈ વિકલ્પ વગર આ જ રસ્તા પર નિર્ભર છે.

# રાજ્યમાં ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સોમવાર 16 માર્ચ 2026ના રોજ ગાંધીનગર વિધાનસભા પરિસર ખાતે રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ 2026-27ના અંદાજપત્ર અંતર્ગત અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી રમણભાઈ સોલંકી તેમજ અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા રાજ્ય મંત્રી પી.સી.બરંડા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ વિભાગના ઉદ્દેશ્ય, અંત્યોદયથી સર્વોદય, સૌને અન્ન, સૌને પોષણ"ના મંત્ર સાથે છેવાડાના માનવીની અન્ન સુરક્ષા અંગે સરકારના વિઝન અંગેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પત્રકાર પરિષદમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે LPGના પુરવઠા અંગેના પ્રશ્નો અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં નાગરિકો માટે ઘરેલુ LPG સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે.

### પાકા રોડની સુવિધા ન હોવાથી ઇમરજન્સીમાં વાહન આવી શકતા નથી

# નસવાડીના કુકરદામાં રસ્તાના અભાવે સગર્ભાને સ્ટ્રેચર પર ચાલતા લઈ જવાઈ

(પ્રતિનિધિ) નસવાડી, તા.16

નસવાડી તાલુકા કુકરદા ગામના દુક્તાફળિયા માં જવાના રસ્તો બનાવવા માટે સરકાર દ્વારા 6 કરોડ રૂપિયા ફાળવવા છતાંય એક પણ રૂપિયા ની કામગીરી થઈ નથી ફક્ત કાગળ ઉપર ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે નસવાડી તાલુકાના કુકરદા ગામના દુક્તાફળિયા માં રહેતી અનિતાબેન સેવજીભાઈ ડુંગરાભીલ ને પ્રસૂતિ નો દુખાવો ઉપડતા સારવાર માટે દવાખાને જવા માટે 108 એમ્બ્યુલન્સ ની જાણ કરાતા એમ્બ્યુલન્સ આવી ને ખરાબ અને કાચા રસ્તા ના કારણે એક કિલોમીટર દૂર ઊભી રહી જતા ત્યાર બાદ આસપાસ ના લોકો ભેગા થઈ અને સ્ટ્રેચર ઉપર પ્રસૂતા મહિલા ને મૂકીને ત્યાર બાદ સ્ટ્રેચર ઊંચકી



ને એક કિલોમીટર જેટલું પગપાળા ચાલીને 108 એમ્બ્યુલન્સ સુધી પહોંચાડી હતી જ્યારે આ વિસ્તારમાં ફરી એકવાર મૂળભૂત સુવિધાઓના અભાવની હકીકત સામે આવી છે. કાચા અને ખરાબ રસ્તાના કારણે 108 એમ્બ્યુલન્સ પ્રસૂતા મહિલાના ઘર સુધી પહોંચી શકી નહોતી, જેના કારણે ગામલોકોએ સગર્ભા મહિલાને સ્ટ્રેચર પર મૂકી એક કિલોમીટર સુધી કાચા રસ્તા પર પગપાળા ચાલીને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડી હતી જ્યારે દુક્તાફળિયા વિસ્તારમાં રહેતી એક સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિનો દુખાવો શરૂ થયો હતો. પરિવારજનોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો. પરંતુ ગામમાં યોગ્ય રસ્તાની સુવિધા ન હોવાના કારણે એમ્બ્યુલન્સ મહિલાના ઘર સુધી પહોંચી શકી નહોતી. પરિણામે પરિવારજનો અને ગામલોકો માટે મુશ્કેલીની સ્થિતિ સર્જાઈ હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજીને ગામલોકોએ મજબૂરીમાં મહિલાને સ્ટ્રેચર પર મૂકીને લગભગ એક કિલોમીટર સુધી કાચા અને ઉબડખાબડ રસ્તા પર પગપાળા ચાલીને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવામાં આવી હતી. આ દરમિયાન પરિવારજનો અને ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

આ ઘટના ફરી એકવાર કુકરદા ગામના દુક્તાફળિયા માં રસ્તાની ખરાબ સ્થિતિને ઉજાગર કરે છે. સ્થાનિક લોકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે તેઓ વારંવાર સારા રસ્તાની માંગ કરતા આવ્યા છે, છતાં આજદિન સુધી કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી.

### હેલીપેડથી સભાસ્થળ સુધી પ્રમુખ CM ની પડખે: અટકળોનું બજાર ગરમ

# સિંગવડમાં CMની ગાડીમાં સ્નેહલ ધરિયાની સવારીથી રાજકીય ગરમાવો તેજ

**સંગઠન** પ્રમુખ અને મુખ્યમંત્રી વચ્ચે બંધ બારણે મંથન: નવા સમીકરણોના એંધાણ

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની દાહોદ મુલાકાત આજે રાજકીય દ્રષ્ટિએ ભારે ચર્ચાસ્પદ રહી હતી. સિંગવડ ખાતે ૩૯૭.૭૮ કરોડના વિકાસ કામોના લોકાર્પણ માટે આવેલા મુખ્યમંત્રીના સમગ્ર પ્રવાસ દરમિયાન દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલ ધરીયા મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.





હેલીપેડ પર ઉતરાણથી લઈને પરત વિદાય સુધી સ્નેહલ ધરીયા મુખ્યમંત્રીની ગાડીમાં જ તેમની સાથે સવાર જોવા મળતા જિલ્લાના રાજકીય ગલીયારાઓમા અટકણો અને તર્ક વિતર્કનો દોર શરૂ થયો છે. મુખ્યમંત્રીના હેલીપેડ પર આગમન સમયે મંત્રીઓ સાંસદ અને ઉચ્ચ અધિકારીઓ સ્વાગત માટે હાજર હતા પ્લોટોકોલ મુજબ સામાન્ય રીતે ગાડીમાં મુખ્યમંત્રી સાથેવરિષ્ઠ મંત્રી કે સચિવો સવાર થતા હોય છે, પરંતુ અહીં સૌના આસચર્ય વચ્ચે મુખ્યમંત્રીએ જિલ્લા ભાજપ પ્રમુખ સ્નેહલ ધરિયાને પોતાની ગાડીમાં બેસાડયા હતા.

હેલીપેડ થી સભા સ્થળ સુધીની આ સવારીએ જ પ્રથમ ગ્રાસે મક્ષીકાની જેમ રાજકીય ગરમાવો લાવી દીધો હતો. માત્ર સભા સ્થળ નહીં, પરંતુ સિંગવડ મામલતદાર કચેરીનું લોકાર્પણ હોય કે સાંસદ જસવંતસિંહ ભાભોર ના દાતા સ્થિત નિવાસ્થાને જવાનો કાર્યક્રમ, દરેક સ્થળે સ્નેહલ ધરીયા મુખ્યમંત્રીની પડખે જ જોવા મળ્યા હતા. સાંસદના ઘરેથી પરત હેલીપેડ સુધી પહોંચવા દરમિયાન પણ સ્નેહલ ધરિયા અને મુખ્યમંત્રી વચ્ચે ગાડીમાં લાંબો સમય સંવાદ ચાલ્યો હતો આ ઘટનાક્રમે અન્ય સ્થાનિક નેતાઓને ધારાસભ્યોમાં પણ છૂપી ચર્ચા જગાવી છે.

### ઓર્ગેનિક ખેતી માટે બેક્ટેરિયા અને સાયનો બેક્ટેરિયા જેવા પ્રશ્નો પૂછાયા

# ધો.12 વિજ્ઞાન પ્રવાહના જીવ વિજ્ઞાનના પેપરમાં જિનેટિક્સના પ્રશ્નો પર વધુ ભાર મૂકવામાં આવ્યો

પેપર સરળ અને એકંદરે પેપર સમય મર્યાદા પહેલા વિદ્યાર્થીઓના પુરા થયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ હવે પૂર્ણતાને આરે છે. સોમવારે ધોરણ 10 માં દ્વિતીય ભાષા અને ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં જીવ વિજ્ઞાન એટલે કે બાયોલોજીના વિષયની પરીક્ષા લેવાય હતી. જે બંને ધોરણોના પેપર સરળ નીકળતા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર ફેલાઈ હતી. ધો.12 વિજ્ઞાન પ્રવાહના જીવ વિજ્ઞાનના પેપરમાં જિનેટિક્સના પ્રશ્નો પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. જે વિદ્યાર્થીઓએ જિનેટિક્સની તૈયારી સારી રીતે કરી હશે તેમને પેપર ઘણું જ સહેલું લાગ્યું હતું.

એજ્યુકેશન એક્સપર્ટ રવિ વઢવાણાએ જણાવ્યું હતું કે, ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં જીવ વિજ્ઞાન બાયોલોજીનું પેપર ઘણું સરળ હતું.

## રાષ્ટ્રભાષા હિન્દી પર પત્ર લેખન અને ભારત દેશ, વિજ્ઞાનથી થતા લાભો વિશે નિબંધ પૂછાયો

ધોરણ 10 માં સંસ્કૃત અને હિન્દી નું પેપર સરળ રહ્યું હતું. સંસ્કૃત પેપરમાં સેક્શન A અને B સરળ રહ્યો હતો. સેક્શન C માં ઘટોત્કચ, ચાણક્ય અને અર્જુન જેવા પાત્ર પર શોર્ટ નોટ પુછાતા વિદ્યાર્થીઓને પેપર લખવામાં ઘણું આસાન રહ્યું હતું. સેક્શન D ગ્રામર પણ સરળ રહ્યું હતું. હિન્દીનું પેપર જેમાં ઇન્ટરનેટ અને કોમ્પ્યુટર જેવા મુદ્દા ઉપર પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. રાષ્ટ્રભાષા હિન્દી પર પત્ર લેખન પૂછવામાં આવ્યો હતો. ભારત દેશ અને વિજ્ઞાનથી થતા લાભો વિશે નિબંધ પૂછાતા વિદ્યાર્થીઓ ઉત્સાહમાં આવી ગયા હતા. આમ એકંદરે હિન્દી અને સંસ્કૃતનું પેપર ઘણું સરળ રહ્યું હતું. : સૃષ્ટિ વઢવાણા , એજ્યુકેશન એક્સપર્ટ

વિભાગ A ના MCQ પ્રશ્નો સરળ હતા. જે વિદ્યાર્થીઓએ ચોપડીને પૂરેપૂરી ઝીણવટતાથી અભ્યાસ કર્યો હશે તેમને MCQ ખુબ સરળ લાગ્યા હશે.

Part B (a) માં હાર્ડી વેઈનબર્ગ, ઓર્ગેનિક ખેતી માટે બેક્ટેરિયા અને સાયનો બેક્ટેરિયા જેવા પ્રશ્નો પૂછાતા બાળકોને લખવામાં ઘણા સરળ લાગ્યા હતા. વિભાગ B જેમાં રૂપાંતરણિય સિદ્ધાંત , જીનેટીક એન્જિનિયરિંગ ઇન્સ્યુલિન, જૈવ તસ્કરી જેવા જિનેટિક્સ પ્રશ્નો પણ સરળ પૂછાયા, વિભાગ C મા ઋતુચક્ર, ગર્ભસ્થાપન, R-DNA , મેન્ડલનો એક સંકરણનો પ્રયોગ જેવા ખુબ જ સરળ પ્રશ્નો પૂછાતા બાળકોને લખવામાં ઉત્સાહ વધ્યો હતો. એકંદરે પેપર સમય મર્યાદા પહેલા વિદ્યાર્થીઓના પુરા થયા હતા. આમ પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. ગ્રુપ બી ના વિદ્યાર્થીઓનું આજનું પેપર સરળ રહેતા સારો સ્કોર કરવાની શક્યતા વધી અને તેમના લક્ષ્ય સાધી શકશે.

### વારંવાર થતા ઝઘડાની અદાવત રાખી હત્યા કરી હતી

# સુંદરપુરા પાટિયા પાસે સલૂન ચલાવતા યુવકની હત્યા કરનાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેર નજીક કપુરાઈ પોલીસ મથક હદ વિસ્તારમાં આવેલા સુંદરપુરા પાટિયા પાસે જીઈબીની બાજુમાં આવેલી ઓરનેટ વિલા કો-ઓપરેટિવ સોસાયટી નીચે હેર કટિંગની દુકાન ચલાવતા યુવકની હત્યા કરનાર આરોપીને કપુરાઈ પોલીસે ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, સુંદરપુરા પાટિયા પાસે સલૂન ચલાવતા મિતેશકુમાર રમણભાઈ વાળંદ અને તેની બાજુમાં કરિયાણાની દુકાન ચલાવતા કિરણ ચાવડા વચ્ચે વારંવાર વિવિધ મુદ્દે ઝઘડા થતા હતા. આ અદાવત રાખી કિરણ ચાવડા તા. 14 માર્ચના રોજ મિતેશકુમારની સલૂનની દુકાનમાં ધસી આવ્યો હતો અને અસ્ત્રાથી મોઢા તેમજ ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યા કર્યા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતા કપુરાઈ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલના કોલ્ડ રૂમમાં ખસેડ્યો હતો. પીએમ થયા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.આ ઘટનાને લઇ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સોમવારના રોજ હત્યારા કિરણ ચાવડાને ઝડપી પાડવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું છે.


**વડોદરા મહાનગરપાલિકા**
**જાહેર નોટીસ**
www.vmc.gov.in

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૮(વડદલા)

આથી જાહેર કરવામાં આવે છે કે, વડોદરા મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૭/૦૬/૨૦૨૫ ના નોટિફીકેશન નં. GH/V/204 OF 2025/UDUHD/TPS/e-file/18/ 2025/0113/L થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૩(૧) હેઠળ વડોદરા મહાનગરપાલિકા (સમુચિત સત્તામંડળ) ને મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૮ (વડદલા) બનાવવા આદેશ કરેલ છે. ત્યાર બાદ ઉક્ત અધિનિયમની જોગવાઇઓ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ના નિયમ ૧૭ મુજબ માલીકોની સભા(ઓનર્સ મીટીંગ) તા.૦૯.૦૩.૨૦૨૬ ના રોજ રાખવામાં આવી હતી. જેમાં ઉપરોક્ત યોજનાની કામચલાઉ દરખાસ્તોની સમજુતી જમીન માલીકોને આપવામાં આવી હતી.

ઉપરોક્ત યોજનાની દરખાસ્ત સબંધે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૨(૧) તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ નાં નિયમ ૧૮ ની જોગવાઈઓ અન્વયે યોજનાનો મુસદ્દો લોકોના વાંધા સુચનો મેળવવા સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે યોજનાની દરખાસ્ત અને લોકોના વાંધા સુચનો મેળવવા સારૂ તા.૧૩-૦૩-૨૦૨૬ ના સરકારશ્રીના રાજયપત્ર (એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ) પાર્ટ- ૨ માં પાન નં.૦૧ ઉપર અધિસુચન પ્રસિધ્ધ કરેલ છે.

ઉપરોક્ત અધિસુચના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી એક માસની સમયમર્યાદામાં યોજનાની દરખાસ્તો અંગે યોજનામાં સમાવિષ્ટ જમીન માલીકો તેમજ હિત સબંધ ધરાવતી વ્યકિત તરફથી વાંધા સુચનો લેખિતમાં ચાર નકલમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકાને નીચે જણાવેલ સરનામે મોકલી આપવા વિનંતી. સમયમર્યાદામાં અત્રે આવેલ વાંધા સુચનો ગુણવત્તાનાં ધોરણે ધ્યાને લઇ મુસદ્દામાં જરૂરી સુધારો કરી આ યોજના સરકારશ્રીની મંજૂરી અર્થે પાઠવવામાં આવશે. આ યોજનાનું સાહિત્ય જાહેર જનતાને જોવા કચેરીના કામકાજના સમય દરમ્યાન ટાઉન પ્લાનીંગ શાખા, ટી.પી.યુનિટ રૂમ નં. ૩૦૧, ત્રીજા માળે, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા મહાનગરપાલિકા ખાતે ખુલ્લુ રાખવા તેમજ સમજાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સરનામુ:
મ્યુનિસિપલ કમિશ્નર,
ટાઉન પ્લાનીંગ શાખા(ટી.પી.)
રૂમ નં ૩૦૧, ત્રીજો માળ,
વડોદરા મહાનગરપાલિકા.

પી.આર.ઓ.નં.૧૩૦૦/૨૦૨૫-૨૬ મ્યુનિસિપલ કમિશ્નર


### ધાર્મિક કાર્યક્રમ દરમિયાન અચાનક મધમાખીઓ ઉડી આવતાં અફરાતફરી, 29 લોકો ઈજાગ્રસ્ત

# અભલોડ મહાદેવ મંદિરે લઘુરુદ્ર અભિષેક દરમિયાન મધમાખીનો હુમલો, એકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દાહોદ શહેરમાંથી માળી સમાજના સગા-સંબંધીઓ સવારે ભેગા થઈ ગરબાડા તાલુકાના અભલોડ ગામે આવેલા વર્ષો જૂના ભોલેનાથના મંદિરે લઘુરુદ્ર અભિષેક કરવા માટે પહોંચ્યા હતા. મંદિર ખાતે ધાર્મિક વિધિ અને ભોજન પ્રસાદીનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો ત્યારે અચાનક મધપૂડો ઉડી આવતા મધમાખીઓના ટોળાએ લોકો પર હુમલો કર્યો હતો.

જેમાં એકનું મોત થયું હતું. અચાનક મધમાખીઓના હુમલાથી ત્યાં હાજર લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી અને ઘણા લોકો પોતાનો બચાવ કરવા



માટે દોડધામ કરવા લાગ્યા હતા. મધમાખીઓના કરડવાથી લગભગ 29 જેટલા લોકોને ઓછી-વધતી ઈજાઓ પહોંચી હતી. જ્યારે બાબુભાઈ માળી નામના એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સની મદદથી તમામ ઘાયલોને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાથી ધાર્મિક કાર્યક્રમમાં હાજર લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો.


**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 802, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - 400069.
ગોધરા શાખા: શોપ નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001.

**પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જેમ કે, નીચે સહી કરનાર 'સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002' હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વંચાણે લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે નીચે દર્શાવેલ લોન લેનાર/જામીનદાર(ઓ)ને નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસ(ઓ) જારી કરી હતી. લોન લેનાર રકમ પરત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લોન લેનાર/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર વ્યક્તિએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વંચાણે લેતા સદર કાયદાની કલમ 13 ની પેટા-કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. લોન લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે. લોન લેનારને ખાસ કરીને અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર તેના પરના વ્યાજ સાથે અહીં નીચે મુજબ દર્શાવેલ રકમ માટે AHFLના ચાર્જને આધીન રહેશે.

| ક્રમ નં. | લોન લેનાર/સહ-લોન લેનારનું નામ (શાખાનું નામ) | સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત) | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 17610000156/ ગોધરા શાખા) અફસાના ફરીદ શેખ (લોન લેનાર) ફરીદ ઈબ્રાહિમ શેખ (સહ-લોન લેનાર) | પ્રોપર્ટીનો તમામ હિસ્સો અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર (G.F), ફર્સ્ટ ફ્લોર (F.F) પ્લોટ નં: 36 પૈકી પશ્ચિમ બાજુ ખાડીફળીયા હુસૈની મસ્જિદ રોડ પ્લોટ નં: 36 પૈકી ગોધરા પંચમહાલ ગુજરાત 389001. સીમાઓ: પૂર્વ - પ્લોટ નં. 36નો ભાગ, પશ્ચિમ - 20 ફૂટ પહોળો રસ્તો, ઉત્તર - બાંધકામ કરેલી દુકાન, દક્ષિણ - પ્લોટ નં. 35 | 09-09-2025 & ₹ 15,89,782/- | 15-03-2026 |

સ્થળ: ગુજરાત
તારીખ: 17-03-2026

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ